# ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા શૈક્ષણિક સ્ટાફ પસંદગી સમિતિ

## સરકારી માધ્યમિક શાળાઓમાં દિવ્યાંગજનો માટે ખાસ ભરતી ઝુંબેશ શિક્ષણ સહાયક ભરતી-૨૦૨૫ (જાહેરાત ક્રમાંક – 03/૨૦૨૫) માટે ઓનલાઇન અરજીપત્રક ભરવાની સૂચનાઓ

**તારીખ : ૧૨/૧૧/૨૦૨૫**

---

- અરજી કરવા માટે આ ભરતી માટેની ઉમેદવારોની સૂચનાઓમાં દર્શાવ્યા મુજબના સમયગાળામાં અરજી કરવાની રહેશે. આ સૂચનાઓ તમામ ભરતી માટેના અરજીપત્રક ઓનલાઇન કઇ રીતે ભરવું તે માટેની છે.
- આ ફોર્મની તમામ માહિતી અંગ્રેજી કેપિટલ અક્ષર માં જ લખવી.
- સૌપ્રથમ www.gserc.in/ પર જઈ જે જાહેરાત માટે અરજી કરવા માંગતા હોય તેના પર ક્લીક કરવું. ત્યારબાદ PWD Secondary Government પર ક્લિક કરવાનું રહેશે. ત્યારબાદ આ ભરતીનું Home Page જોવા મળશે.
- જેમાં સંબંધિત ભરતી માટેની લોગીન લિંક જોવા મળશે જેમાં Log In કરવાનું રહેશે.
- ત્યારબાદ જો રજિસ્ટ્રેશન ન કરેલ હોય તો Not registered yet!? Click here to register પર ક્લીક કર્યા બાદ ખુલેલા મેનુમાં નીચે મુજબની માહિતી ભરવાની રહેશે. ( જો આ સિવાય અન્ય ભરતી માટે અરજી કરવા માંગતા હોય તો તે ભરતી માટે ફરજિયાત અલગ registration કરવાનું રહેશે.)
- રજિસ્ટ્રેશન કરવા માટે TAT (Secondary) દ્વિ-સ્તરીય પરીક્ષા- 2023 નો બેઠક નંબર લખવો.
- Date of Birth: શાળા છોડ્યાના પ્રમાણપત્ર અને એસ.એસ.સી. સર્ટિફિકેટ માંથી ખરાઈ કરીને જન્મ તારીખ લખવાની રહેશે. ફોર્મમાં રજીસ્ટ્રેશન વખતે લખેલ જન્મતારીખ જ આવશે જેમાં સુધારો થઇ શકશે નહિ. આથી કાળજીપૂર્વક ચકાસીને જ લખવી.
- Email ID: ઇમેલ આઇ ડી લખવો. (કાર્યરત હોવો જોઇશે.)
- Mobile No: ઉમેદવારનો મોબાઇલ નંબર લખવો. (જે કાર્યરત હોવો જોઇશે. પાછળથી બદલી શકાશે નહિ.)
- Password: જે રાખવા માંગતા હોય તે પાસવર્ડ ટાઇપ કરવો.જે યાદ રાખવો અને ગોપનીય રાખવો જરૂરી છે. જો પાસવર્ડ કોઇ તબક્કે ભુલાઇ જવાય કે બદલવો હોય તો લોગ ઇન વખતે Forgot Password/ change password ક્લીક કરી બદલી શકાશે.
- Conform Password: પાસવર્ડ ફરીથી ટાઇપ કરી કન્ફર્મ કરવો.
- Is PH Status માં "YES" કરવાનું રહેશે.
- Captcha: ઇમેજ મુજબનો Captcha એન્ટર કરવો.
- Verify Mobile No. : મોબાઇલ નંબર ઉપર ઓ.ટી.પી. આવશે જે દર્શાવેલ કોલમમાં નાખી મોબાઇલ નંબર વેરીફાય કરવો.

  ખાસ સુચના: રજીસ્ટ્રેશન વખતે જન્મ તારીખ, મોબાઇલ નંબર, ઇ- મેઇલ આઇ ડી વગેરે ભરતી પ્રક્રિયા દરમિયાન કોઇપણ સંજોગોમાં બદલી શકશે નહિ અને એકવાર રજીસ્ટ્રેશન થઇ ગયા બાદ ફરીથી કોઇ સંજોગોમાં રજીસ્ટ્રેશન થઇ શકશે નહિ. જેથી આ માહિતી ચોકસાઇપૂર્વક ભરવી.
- રજીસ્ટ્રેશન થયા બાદ Log in પર જઇ TAT(S) Seat NO., Date of Birth, Password, અને આપેલ Captcha માહિતી એન્ટર કરી લોગ ઇન કરવું.

➢ ત્યારે APPLICATION FORM ,PAY FEES , PAYMENT HISTORY વિકલ્પો ખુલશે જેમાં APPLICATION FORM સિલેક્ટ કરી નીચે મુજબની વિગતો ભરવી .

Information

➢ જગ્યાનું નામ, TAT(S) દ્વિ-સ્તરીય પરીક્ષા- 2023 પરીક્ષાનાં વિષય, બેઠક નંબર, મેળવેલ ગુણ વગેરે માહિતી ડિસ્પ્લે થશે તે ચકાસી લેવી.

➢ Date of Birth: અહિયા ઉમેદવારની Date of Birth લખેલ આવશે. રજીસ્ટ્રેશન વખતે દર્શાવેલ હશે તે જ જન્મ તારીખ આવશે. બદલી શકાશે નહિ. આથી રજીસ્ટ્રેશન વખતે ચોકસાઈપૂર્વક લખવા જણાવેલ છે.

➢ Advertisement No. અહિયા ઉમેદવારનો Advertisement No. 03/2025 લખેલ આવશે જે ચકાસણી કરી લેવી કે આપ જે જગ્યા માટે આપ અરજી કરો છો તે જ ક્રમાંક હોવો જોઇશે.

Basic Details:

અહિયાં ઉમેદવારે પોતાની સામાન્ય માહિતી દસ્તાવેજી પુરાવાઓના આધારે અને ચોકસાઈપૂર્વક લખવાની રહેશે.

➢ First Name: અહિયાં ઉમેદવારે પોતાનું નામ લખવું. ઉદાહરણ તરીકે ઉમેદવારનું નામ પટેલ વિપુલકુમાર રમેશભાઈ હોય તો આ ખાનામાં અંગ્રેજી કેપિટલ અક્ષરમાં VIPULKUMAR લખવું. Middle Name: માં ઉમેદવારે પોતાના પિતાનું નામ દા.ત. RAMESHBHAI લખવું .Surname માં ઉમેદવારે પોતાની અટક દા.ત. PATEL લખવું.

➢ Mother's Name: અહિયાં ઉમેદવારે પોતાની માતાનું ફક્ત નામ (First Name) અંગ્રેજીમાં કેપીટલ અક્ષરમાં શાળા છોડ્યાના પ્રમાણપત્ર કે અન્ય દસ્તાવેજી પ્રમાણપત્ર ના આધારે લખવું. દા.ત. જો માતાનું નામ મીનાબેન રમેશભાઈ પટેલ હોય તો અહી ફક્ત MEENABEN જ લખવું. એટલે કે ફક્ત નામ લખવું, પૂરું નામ નહિ.

➢ Gender: ઉમેદવારે MALE/FEMALE (સ્ત્રી /પુરુષ) વગેરે માંથી કોઇ એક સિલેક્ટ કરવું.

➢ Marital Status: આપેલ વિકલ્પો પૈકી યોગ્ય વિકલ્પ પસંદ કરવો.

- જો પુરુષ ઉમેદવાર Married વિકલ્પ પસંદ કરેલ હશે તો Do you have more than one wife living? પ્રશ્ન પૂછાશે જેમાં ઉમેદવારની એક કરતા વધારે પત્ની જીવિત હોય તો "yes"કરવુ,અન્યથા "No" વિકલ્પ પસંદ કરવો.
- જો સ્ત્રી ઉમેદવાર Married વિકલ્પ પસંદ કરેલ હશે તો Have You married to a man who has already another wife living? પ્રશ્ન પૂછાશે જેમાં ઉમેદવારે જો એક કરતા વધારે પત્ની જીવિત હોય તેવા વ્યક્તિ સાથે લગ્ન કરેલ હોય તો તેવા કિસ્સામાં "yes" ટીક કરવું અન્યથા "No" વિકલ્પ પસંદ કરવો.

➢ Category: આપેલ વિકલ્પો પૈકી લાગુ પડતો વિકલ્પ પસંદ કરવો.

➢ In case of SEBC: જો ઉમેદવાર SEBC સિલેક્ટ કરેલ હોય તો નીચેની વિગતો ભરવી.(આ માટેની ઉમેદવારની સૂચનાઓ વાંચી લેવી)

  - Non-Creamy layer Certificate No. ઉમેદવારે પોતાનો નોન ક્રિમીલેયર પ્રમાણપત્રનો નંબર લખવો.
  - Non-Creamy layer Certificate Date: ઉમેદવારે પોતાના નોન ક્રિમીલેયર પ્રમાણપત્રની તારીખ લખવી. આ પ્રમાણપત્ર તા. ૨૧/૧૧/૨૦૨૫ની સ્થિતિએ માન્ય હશે તો જ ફોર્મ સેવ થશે. અન્યથા ફોર્મ સેવ કરતી વખતે મેસેજ ડિસ્પ્લે થશે. અને ફોર્મ ભરી શકાશે નહિ.

➢ In case of EWS: જો ઉમેદવાર EWS સિલેક્ટ કરેલ હોય તો નીચેની વિગતો ભરવી. ( આ માટેની ઉમેદવારની સૂચનાઓ વાંચી લેવી. )

  - EWS Certificate No. ઉમેદવારે પોતાનો EWS પ્રમાણપત્રનો નંબર લખવો.

- EWS Certificate Date: ઉમેદવારે પોતાનો EWS પ્રમાણપત્રની તારીખ લખવી. આ પ્રમાણપત્ર તા.૨૧/૧૧/૨૦૨૫ની સ્થિતિએ માન્ય હશે તો જ ફ્રોર્મ સેવ થશે. અન્યથા ફ્રોર્મ સેવ કરતી વખતે મેસેજ ડિસ્પ્લે થશે. અને ફ્રોર્મ ભરી શકાશે નહિ.

➢ In Case of SEBC/SC/ST. જો ઉમેદવાર SC/ST સિલેક્ટ કરેલ હોય તો નીચેની વિગતો ભરવી. ( આ માટેની ઉમેદવારની સૂચનાઓ વાંચી લેવી. )
   - Caste Certificate No. ઉમેદવારે પોતાના SC/ST પ્રમાણપત્રનો નંબર લખવો .
   - Caste Certificate Date: ઉમેદવારે પોતાના SC/ST પ્રમાણપત્રની તારીખ લખવી.

➢ Is PH: દિવ્યાંગ ઉમેદવારે સક્ષમ સત્તાધિકારીનું પ્રમાણપત્ર મેળવેલ હોય તો YES કરવું. ( આ માટેની ઉમેદવારની સૂચનાઓ વાંચી લેવી. )

➢ Is the candidate Widow? જો ઉમેદવાર વિધવા હોય તો YES કરવું . YES પસંદ કરવાથી પુન:લગ્ન ના કરવા બાબતે યોગ્ય વિકલ્પ પસંદ કરવો.

<u>Contact Details</u>

ઉમેદવારે પોતાના સંપર્ક માટે ની વિગતો આપવી

- Mobile No. મોબઈલ નંબર લખવો.
- Email No. ઈમેલ એડ્રેસ લખવું .
- Present Address: હાલનું સરનામું અંગ્રેજી અક્ષરોમાં સ્પષ્ટ લખવાનું રહેશે.
- District: ડ્રોપડાઉન લીસ્ટ માંથી જીલ્લો પસંદ કરવો.
- State: ડ્રોપડાઉન લીસ્ટ માંથી રાજય પસંદ કરવો.
- Pin Code: પીન કોડ લખવો.

➢ Preferred District Verification: જો આપ મેરીટમાં આવો તો જે જીલ્લામાં પ્રમાણપત્રો વેરીફીકેશન માટે અનુકુળ હોય તે જીલ્લો સિલેક્ટ કરવો.

<u>Other Details:</u>

➢ Computer Qualification: Yes/No માંથી યોગ્ય વિકલ્પ પસંદ કરવો.

➢ Computer Qualification type: ઉમેદવારને લાગુ પડતી કમ્પ્યુટર લાયકાત ડ્રોપડાઉન લીસ્ટ માંથી પસંદ કરવી.

➢ Is Ex-Serviceman? જો ઉમેદવાર પોતે સ-શસ્ત્ર દળની સેવામાંથી નિવૃત થયેલ હોય તો YES લખવું અને નીચેની વિગતો ભરવી
   - If yes Joining Date: સ-શસ્ત્ર દળની સેવામાં જોડાયા તારીખ
   - End Date: સ-શસ્ત્ર દળની સેવામાંથી નિવૃત થયા તારીખ
   - ID card no. આઈ કાર્ડ નંબર લખવો .

➢ Are you already teacher in Gov./Grant in Aid Primary/Secondary/ Higher Secondary School?
જો આપ કોઇ સરકારી/ ગ્રાન્ટ ઇન એઇડ શાળામાં નિયમાનુસાર ભરતીથી ફરજ બજાવતા હોય તો “YES” અન્યથા “NO” વિકલ્પ પસંદ કરો.

- Are you a teacher in Government/Grant in Aid Secondary school as a secondary teacher? જો હાલ આપ સરકારી/ગ્રાન્ટ ઇન એઇડ શાળામાં હાલમાં માધ્યમિક વિભાગમાં માધ્યમિક શિક્ષક તરીકે નિયમાનુસાર ભરતીથી સેવા અપતા હોય તો "YES" કરવું. અન્યથા "NO" સિલેક્ટ કરવું.
- ઉપરોક્ત પૈકીના વિકલ્પોમાં YES પસંદ કરતા પોતાની હાલની સેવા વિષયક માહિતી લખવાની રહેશે. જેમાં વિભાગ, શાળાનું નામ, ડાયસ કોડ, જિલ્લો, તાલુકો, ખાતામા દાખલ તારીખ વગેરે વિગતો લખવાની રહેશે. તથા એન.ઓ.સી. મેળવેલ હોય તો "YES" પસંદ કરતા એન.ઓ.સી. ની તારીખ લખવાની રહેશે. ( જાહેરાતની તારીખ બાદની તારીખ હોવી જોઇશે)
- Academic Graduation Details, Professional Graduation Qualification માં જરૂરી તમામ માહિતી ફરજીયાત ભરવાની રહેશે. Academic post-Graduation Details, Professional post Graduation Qualification પ્રાપ્ત કરેલ હશે તો લખવાનું રહેશે. ઉમેદવારની સૂચનાઓમાં આપેલ લાયકાત જેમાં જે તે વિષયના શિક્ષણ સહાયક માટે લઘુતમ લાયકાત હોવી જોઇશે. પોતાનો વિષય ડ્રોપડાઉનમા ના હોવાના અથવા કેટલાક વિષય માં મુખ્ય વિષય ની બ્રાન્ચના વિષયનો ઉલ્લેખ કરેલ છે તેવા કિસ્સામાં OTHER વિકલ્પ પસંદ કરવાથી textbox ખુલશે જેમાં જે તે વિષય અંગ્રેજી કેપિટલ અક્ષરોમાં ટાઈપ કરવાનો રહેશે. જો ઉમેદવારની લાયકાતનો વિષય જે તે વિષયની જગ્યા માટેની લાયકાત મુજબનો નહિ હોય તો ઉમેદવારની અરજી રદ થઈ શકશે જે ધ્યાને લેવું. સ્નાતક/અનુસ્નાતક/વ્યવસાયિક લાયકાતનાં છેલ્લા વર્ષનાં ગુણપત્રકમાં દર્શાવેલા કુલ ગુણ અને મેળવેલ ગુણ લખવા. જો ગુણપત્રકમાં CGPA/CPI/GRADE પધ્ધતિથી દર્શાવેલ હોય તો સંબંધિત કોલેજ/યુનીવર્સીટી નાં કુલગુણ/મેળવેલ ગુણ પ્રમાણપત્ર મુજબ ગુણ લખવાના રહેશે.
- ફોર્મમાં છેલ્લે બાંહેધરી આપેલ છે તે વાંચી, સમજી ટીક કરવાનું રહેશે. અને ફોર્મ સબમિટ કરવાનું રહેશે.
- ફોર્મ સેવ થયા બાદ PAY FEES માં payment માટે UPI/ Debit/Credit Card/Online Banking વગેરે માધ્યમથી આપેલ તબક્કા મુજબની ક્રમસર ક્રિયાવિધિ અનુસરી ફી ભર્યા બાદ અરજી ફાયનલ સબમિટ થયેલ ગણાશે. ફી માત્ર પોર્ટલ પરના ઓનલાઇન માધ્યમથી જ ભરી શકાશે. કોઇપણ સંજોગોમાં ઓફલાઇન કે અન્ય રીતે ફી સ્વીકારવામાં આવશે નહિ જે ધ્યાને લેશો. જ્યાં સુધી ફી ભરશો નહિ ત્યાં સુધી ફોર્મ એડિટ થઈ શકશે. એક વાર ફી ભર્યા બાદ ફોર્મમાં સુધારા વધારા થઇ શકાશે નહિ. ત્યારબાદ પ્રિન્ટ મેળવી શકાશે.
- ફી ભર્યા બાદ મુખ્ય મેનુમાં WITHDRAW ઓપ્શન આવશે.
- <u>ફી ભર્યા બાદ સુધારા કરવાની જરૂર જણાતી હોય તેવા જ સંજોગોમાં મુખ્ય મેનુ માંથી WITHDRAW વિકલ્પ પસંદ કરવો અને ત્યારબાદ OTP ની મદદથી આ અરજી રદ કરી શકાશે. આવી અરજી રદ થવાના કારણે કોઈ પણ સંજોગોમાં સમિતિ દ્વારા ધ્યાને લેવામાં આવશે નહિ. WITHDRAW કર્યા બાદ ઉમેદવારે અગાઉની રજીસ્ટ્રેશન માહિતી પરથી લોગ ઇન થઇને નવેસરથી અરજી કરવી જોઇશે અને તમામ વિગતો ભરી ફોર્મ સબમિટ કરી પેમેન્ટ ઓપ્શન પસંદ કરી નિયત કરાયેલ ફી ભરવાની રહેશે. ફરીથી ફી ભર્યા વગર આ નવી અરજી ફાયનલ સબમિટ થશે નહિ અને આવા સંજોગોમાં અરજી ધ્યાનમાં લેવામાં આવશે નહિ.</u>
- ઉમેદવારે ફી ભર્યા બાદ અરજીપત્રકની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે. અને જ્યારે વેરિફિકેશન કરાવવાનું થાય ત્યારે ઉમેદવારો માટેની સૂચનાઓમાં જણાવ્યા પ્રમાણે જરૂરી ડોક્યુમેન્ટ્સ સાથે રજૂ કરવાનું રહેશે.

==============